હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

અત્યારથી ટીવી જોઈને ધ્રુજો એવું ન ચાલે, ન જાણે સાચુ ચૂંટણી પરિણામ આવશે ત્યારે શું થશે...?

શિક્ષણનુ હબ બનતુ હાઈટેક ગાંધીનગર બોર્ડ પરિણામમાં ૧૪માં ક્રમે

વિજ્ઞાન પ્રવાહના બોર્ડ પરિણામની ટકાવારી મુજબ ગાંધીનગરમાં શિક્ષણનો ગ્રાફ નીચે ઉતર્યો : રાજયના મુખ્ય શહેરોની સાથે કચ્છ, મોરબી , ભાવનગર અને બનાસકાંઠા બાદ ગાંધીનગરનો ૧૪ મો ક્રમ : નગરના શિક્ષણ વિદો માટે પણ ચિંતાનો વિષય

ગાંધીનગર તા ૧૨

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગાંધીનગરનુ પરિણામ ૭૫.૦૮ ટકા આવ્યુ છે. શહેરમાં ધમધમતી અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓના લીધે શહેરમાં બહારગામથી અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વિશેષ છે. જેના લીધે હાઈટેક ગાંધીનગર શિક્ષણનુ હબ બની ગયુ છે. આમછતા બોર્ડના પરિણામની દ્રષ્ટીએ ગાંધીનગર સમગ્ર રાજયમાં ૧૪માં ક્રમે ધકેલાઈ ગયુ છે. હરિયાળીની જેમ શહેરના શિક્ષણનો ગ્રાફ પણ નીચે ઉતરતો જાય છે. સંસ્કૃતિ અને શિક્ષણના મામલે ગાંધીનગર આગવી ઓળખ ધરાવે છે. પરંતુ શિક્ષણના મામલે શહેરની સરકારી શાળાઓના પરિણામની ટકાવારી પણ શિક્ષણતંત્ર માટે ચિંતોનો વિષય બની છે. ત્યારે સમગ્ર શહેરના પરિણામની વાત કરીએ તો પણ આ વર્ષે જાહેર થયેલા રીઝલ્ટના અંતે ગાંધીનગર સમગ્ર રાજયમાં ૧૪ માં ક્રમે ધકેલાયુ છે. જેના લીધે નગરના શિક્ષણવિદો સહીત ભદ્ર સમાજના સભ્યોનુ મોં પણ વંકાયુ છે. બાર્ડના પરિણામની ટકાવારીની દ્રષ્ટીએ ગાંધીનગર રાજકોટ ,વડોદરા અને અમદાવાદ સહીતના શહેરોની સાથે ભરૂચ, બનાસકાંઠા, મોરબી અને ભાવનગર સહીતના શહેરો કરતા પણ પાછળના ક્રમે ધકેલાઈ ગયુ છે.

ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ પરિણામ ગત દિવસોમાં જાહેર થયા બાદ રાજયમાં વિવિધ શહેરોમાં પરિણામની ટકાવારીની સાથે શિક્ષણનો ગ્રાફ પણ સ્પષ્ટ થયો છે. જેમાં હાઈટેક વિકાસની સાથે શિક્ષણ હબ બનતુ ગાંધીનગર હાંસિયામાં ધકેલાઈ ગયુ છે. ગાંધીનગર હરિયાળીની દ્રષ્ટીએ પણ આગળની હરોળ ગુમાવી બેઠુ છે. ત્યારે શિક્ષણના મામલે પણ હવે ગાંધીનગર બોર્ડ પરિણામની દ્રષ્ટીએ ૧૪ માં ક્રમે છે. બોર્ડ પરિણામની ટકાવારી મુજબ સૌથી મોખરે રાજકોટ,૮૪.૪૭ ટકા,બોટાદ ૮૪.૧૨ , મોરબી,૮૪.૦૨, અમદાવાદ ગ્રામ્ય ૮૧.૨૮ ,ભાવનગર ૮૦.૮૫, ટકા સાથે પ્રથમ પાંચ ક્રમે આવે છે. ત્યારબાદ ભરૂચ, જામનગર, સુરેન્દ્રનગર,સુરત,અમદાવાદ સીટી, કચ્છ, વડોદરા, બનાસકાંઠ બાદ ગાંધીનગર ૭૫.૦૮ ટકા સાથે ૧૪ માં ક્રમે છે. ગાંધીનગર જિલ્લામાં ધો -૧૦ માં નબળુ પરિણામ ધરાવતી શાળાઓ પણ શિક્ષણ તંત્ર માટે નવા હોમવર્કનો વિષય બની છે. ત્યારે આ શાળાઓનુ પરિણામ સુધારવા માટે પણ છેલ્લા ત્રણ વર્ષથી પ્રયાસો હાથ ધરાયા છે. આવા સંજોગોમાં વિકાસના નવા આયામો સાથે હાઈટેક બનતા ગાંધીનગરમાં શિક્ષણનુ સ્તર કથળતુ જતુ હોવાનો રોષ પણ પ્રબુધ્ધ નાગરિકોમાં ઉઠવા પામ્યો છે. અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓ સહીત સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટે પણ બેરોજગાર યુવાનો ગાંધીનગરમાં શિક્ષણ મેળવવા માટે ઉત્સુકતાથી આવે છે. ત્યારે બોર્ડ પરિણામની ટકાવારીની દ્રષ્ટીએ રાજયના અન્ય મુખ્ય શહેરોની સાપેક્ષમાં પાટનગરમાં નિરસ ચિત્ર ઉપસી આવ્યુ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.

આગમન હોટલ પાસેથી બાઈક પર બિયર લઈને જઈ રહેલો શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૧૨

ચિલોડા-હિંમતનગર માર્ગ પર ચંદ્રાલા પાસે આવેલી આગમન હોટલ પાસે વાહન ચેંકીગ દરમિયાન પોલીસે એક બાઈક ચાલક શખ્સને ૨૪ નંગ બિયરના ટીન સાથે પકડી પાડ્યો છે. પોલીસે બિયરના ટીન નં.૨૪ કિ.૨૪૦૦ , મોબાઈલ કિં.૧૦૦૦ તેમજ પલ્સર બાઈક કિં.૫૦,૦૦૦ મળી કુલ રૂ. ૫૩,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના રામેલા ગામનો રહેવાસી રાહુલકુમાર બાબુભાઈ કટારા ઉં.વ.૨૮ છે. આ યુવાન અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે આવેલી ડીસ્માલ કેમીકલ ફેકટરીમાં ફરજ બજાવે છે. રાહુલ સવારના સમયે ઘરેથી બાવળા તરફ પોતાની મોટર સાયકલ લઈને જઈ રહ્યો હતો. તે દરમિયાન હિંતમનગર-ચિલોડા માર્ગ પર આવેલી આગમન હોટલ પાસે વાહન ચેંકીગ ચાલી રહ્યું હતું. ત્યારે યુવાનનું પલ્સર બાઈકનું ચેંકીગ કરતા પાછળના ભાગે લટકાયેલા પર્સમાંથી પોલીસને ૨૪ નંગ બીયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા પોલીસે લકઝરી બસમાંથી વિદેશી દારૂનો જથ્થો પકડ્યો

ગાંધીનગર, તા.૧૨

તાજેતરમાં ચિલોડા ચાર રસ્તા પરથી એલસીબીની ટીમે લકઝરી બસમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો પકડી પાડ્યો હતો. ત્યારે હવે ચિલોડા પોલીસે પણ કોમ્બીંગ નાઈટ દરમિયાન ચંદ્રાલા પાસેથી લકઝરી બસમાંથી મુસાફરોને ઉતારી ચેક કરતા પાછળના ભાગે આવેલી ડેકીમાંથી બીયરના ૫ ટીન અને ૩૨ નંગ વિદેશી દારૂની બોટલ મળીને કુલ રૂ. ૨૦,૨૬,૬૪૬ નો મુદ્દામાલ કબ્જે ઈ બે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ રાજસ્થાનથી અમદાવાદ તરફ આવી રહેલી લકઝરી બસ નં.આર.જે.૧૪.પી.ડી.-૯૬૯૬ ને ચંદ્રાલા પાસે ચિલોડા પીઆઈ વાય.આર.વાઘેલાની ટીમે કોમ્બીંગ નાઈટ દરમિયાન પકડી પાડી હતી. ટીમના સભ્યોએ લકઝરી બસના મુસાફરોને નીચે ઉતારી તપાસ કરતા લકઝરી બસની પાછળની ડેકીમાંથી બીયરના ૫ ટીન અને ૩૨ નંગ વિદેશી દારૂની બોટલ સાથે પોલીસે ગણપતસિંહ મોહનસિંહ રાવત (રહે. શેમલાકા, બાડીયા ગામ, ભીલવાડા, રાજસ્થાન) અને સુખવીરસિંહ ભીમસિંહ રાવત (રહે, કેસપુરા, રાજસમન્દ, રાજસ્થાન) ઝડપાઈ ગયા હતા. પોલીસે રૂ. ૨૬, ૬૪૬ ની કિંમતનો દારૂ અને રૂ.૨૦ લાખની લકઝરી બસ મળી કુલ રૂ. ૨૦,૨૬,૬૪૬ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે લઈ બંન્ને આરોપી સામે પ્રોહી એકટ મજુબ ગુનો નોંધી આ દારૂ ક્યાંથી લાવ્યા હતા અને કયા પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસ આદરી છે.

૪૭ વર્ષીય મહિલાએ પ્રેમી સામે મારામારીની ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં પોતાના પતિથી ૪ વર્ષથી અલગ રહેતી ૪૭ વર્ષિય મહિલાને પ્રેમજાળમાં ફસાવીને રૂ. ૨૦થી ૨૫ લાખ પડાવી લઈ જાનથી મારી નાંખવાની ધમકી આપતા સે-૨૩ ના ઈસમ સામે ગુનો નોંધાયો છે. મહિલાએ આ શખ્સ સામે બળાત્કાર, મારામારી, અને ધમકીની ફરીયાદ નોંધાવી છે. મહિલાએ આ શખ્સ સામે નોધાતા ઈન્ફોસીટી પોલીસે કાર્યદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ન્યું ગાંધીનગર વિસ્તારમાં રહેતી ૪૭ વર્ષિય મહિલા છેલ્લા ૪ વર્ષથી પોતાના પતિ અને બે બાળકોથી જુદા રહે છે. ગાંધીનગરમાં એક સ્થળે દુકાન ધરાવતી અને એકલવાયું જીવન જીવતી મહિલાની ઓળખાણ દોઢ વર્ષ પહેલા હિંમાશુ પટેલ (આલેખ એપોર્ટમેન્ટ, સે-૨૩) નામનો શખ્સ આવતો હતો. ઓળખાણ બાદ નંબરોની આપ લે થતા સામાન્ય વાતચીત થતી હતી.ત્યારબાદ હિમાંશુએ મહિલાને પ્રેમજાળમાં ફસાવી હતી. જુન-૨૦૧૮ માં હિમાંશુ મહિલાને લગ્નની લાલચ આપી રૂ. ૧૦૦ ના કોરા સ્ટેમ્પ પેપર પર સહી કરીને આપી હતી.ત્યારબાદ વિશ્વાસમાં લઈને મરજી વિરુધ્ધ શારીરીક સંબંધો બાંધ્યા હતા. જે બાદ પણ આ શખ્સે મહિલાના ઘરે મરજી વિરુધ્ધ શારીરીક સંબંધો બાંધ્યા હતા. મહિલાના આક્ષેપ હિમાંશુએ અત્યાર સુધી તેની પાસેથી રૂ.૨૦ થી ૨૫ લાખ લઈ લીધા છે. નવેમ્બર-૨૦૧૮ માં પણ તેણે રૂ.૧ લાખ માંગતા મહિલાએ ચેક આપ્યો હતો. જે પૈસાપરત માંગતા તેણે એક લાખનો ચેક આપ્યો હતો જે રીટર્ન થયો હતો. પિતાનો ફોન તુટી ગયો હોવાનું કહીને તે મહિલા પાસેથી રૂ.૧૪ હજારનો મોબાઈલ પણ લઈ ગયો હતો. મહિલાએ પૈસાની માંગણી કરતા યુવકે વાતચીત બંધ કરી દીધી હતી. ગત તા. ૩૦ એપ્રિલના રોજ મહિલા પોતાના ઉછીના પૈસા લેવા તેના ઘરે ગઈ હતી તો તે ઉશ્કેરાઈ ગયો હતો. તેના માતા-પિતા પણ મહિલા પર ગુસ્સે થઈ ગયા હતા. લગ્નની કોઈ વાત જ થઈ ન હોવાનું કહ્યું હતું. હિમાંશુએ મહિલા પોતાની ગાડીમાં કેનાલ પાસે લઈ ગયો હતો અને આપણે બંન્ને આત્મહત્યા કરી લઈએ તેમ કહેવા લાગ્યો હતો. ત્યારબાદ તેણે કેનાલમાં નાખી દઈ મારી નાંખવાની ધમકી આપી હતી. તે દિવસે તેણે તમાકુવાળો મસાલો ખવડાવી ગાડીનું એસી પણ બંધ કરી દીધુ હતુ. જેથી ગુંગળામણથી ચક્કર આવતા મહિલાની તબિયત લથડી હતી. આ સમયે તે સતત ફોન પર કોઈને કઈ રીતે મરી જવાય તે બાબતો પુછતો હતો. જે બાદ તેણે મહિલાને દુકાને ઉતારી દીધી હતી. જે બાદ પહેલી મે ના રોજ હિમાંશુના ઘરે ગયેલી મહિલાનું તેના પરિવારે અપમાન કર્યું હતું. જેને પગલે આખરે કંટાળીને મહિલાએ ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાંતિયા ગામે લગ્નપ્રસંગે સામાન્ય બાબતે મારામારી

૭ શખ્સો સામે એટ્રોસીટીની ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામે લગ્ન પ્રસંગના જમણવાર શરુ હતો તે સમયે ગામના બે યુવાનોને બાઈક ધીમુ ચલાવવાનું કહેતા સાત શખ્સોએ દલિત યુવક પર હુમલો કર્યો હતો. જાતિ વિષયક શબ્દો બોલીને યુવાનને માર મારતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે એટ્રોસીટીની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પ્રાંતિયા ગામના રોહિતવાસમાં રહેતારાજેશ દલપતભાઈ પરમાર (૨૫ વર્ષ) પત્ની, અને બે વર્ષની દિકરી સાથે રહે છે.માતા-પિતાના મોત બાદ ખાનગી નોકરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે રવિવારના રોજ પાડોશમાં રહેતા રાહુલ પરમારના લગ્ન હોવાથી શનિવારના રોજ સાંજના સુમારે જમણવાર અને ગરબાનો કાર્યક્રમ હતો. રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામા જમણવાર ચાલુ હતો. તે સમયે ગામના બે છોકરા કૌશિક લાલાજી અને હેમીલ અરવિંદજી બાઈક પર ધુમ સ્પીડે આવતા હતા.જેથી રાજેશે બાઈક ધીમે હંકારવાનું કહેતા ઉશ્કેરાયેલા બંન્ને યુવકોએ જાતિ વિષયક શબ્દો બોલી માણસો બોલાવાની ધમકી આપી જતા રહ્યા હતા. ત્યારબાદ રાત્રે સાડા દશ વાગ્યાના અરસામાં યુવકના ગામના મંદિર પાસે ઉભો હતો. ત્યારે ધમકી આપીને ગયેલા બંન્ને યુવકો ચાર થી પાંચ માણસો સાથે આવ્યા હતા. જેથી હુમલો કરતા માથામાં પાઈપ મારી દીધી હતી. યુવકને જાતિ વિષયક શબ્દો બોલીને મારમારતા તેને છોડાવા વચ્ચે પડેલા ગામના જશવંત નટવરભાઈ પરમારને પણ હુમલાખોએ મારમાર્યો હતો. હુમલાને પગલે માથામાં યુવકને લોહી નીકળતુ હોવાથી ૧૦૮ દ્વારા તેને ગાંધીનગર સિવિલ ખસેડાયો હતો. જયા માથાના ભાગે ત્રણ ટાંકા આવ્યા હતા જેથી યુવકને સારવાર બાદ રજા અપાઈ હતી. હુમલા બાદ કૌશિક લાલાજી, કેમીલ અરવિંદજી, જય જશુભાઈ સોલંકી, મયંક રણજીતસિંહ સોલંકી , ચિરાગ દશરથભાઈ ઠાકોર, અરવિંદસિંહ બેચરજી ઠાકોર, મહેશ રણજીતજી ઠાકોર મળી સાત શખ્સો ફરાર થઈ ગયા છે. યુવકે તમામ શખ્સો સામે મારામારી અને એટ્રોસીટી એકટ મુજબ ગુનો નોંધાવતા કેસની તપાસ એટ્રોસીટી સેલના ડીવાયએસપી બી.જે.ચૌધરીને સોંપાઈ છે.

આણંદ લોકસભા બેઠક ધર્મજ બુથ નં-૮ પર ઉંચુ મતદાન

અમદાવાદ,તા. ૧૨

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન ૨૩મી એપ્રિલે થયું હતું, તેની સાથે આણંદ લોકસભા બેઠકોનું પણ ૨૩મી એપ્રિલે મતદાન પ્રક્રિયા યોજાઈ હતી, પરંતુ ધર્મજ ગામના ૨૩૯-૮ નંબરના મતદાન મથક લોકસભાની ચુંટણી દરમ્યાન કેટલાક તત્વો દ્વારા ગેરરીતિ આચરાઈ હોવાની ચુંટણીપંચને ફરિયાદ મળી હતી. જેને ધ્યાને લઈને રાજ્યના મુખ્ય ચુંટણી અધિકારી ડો.એસ.મુરલી કિષ્ણાએ લોકપ્રતિનીધિત્વ અધિનિયમની કલમ-૫૮(૨) હેઠળ આ મતદાન મથકની ચૂંટણી રદ કરી હતી અને અહીં ફેર ચૂંટણી યોજવાનો હુકમ કર્યો હતો. જેના અનુસંધાનમાં આજે ધર્મજ બુથ નંબર-૮ ખાતે ફેરમતદાન યોજાયું હતું. આણંદ લોકસભા બેઠકની પેટા ચૂંટણીમાં ધર્મજગામના ૨૩૯-૮ નંબરના મતદાન મથક પર ઉચુ મતદાન થયું હતું. આજે મતદાન દરમ્યાન બપોરના સમયે એક મહિલાને ચૂંટણી અધિકારીએ મતદાન કરતાં અટકાવતાં થોડીવાર માટે મામલો ગરમાયો હતો. કારણ કે, એક મહિલાના નામ જેવી જ બીજી મહિલા મતદાન કરવા આવી હોવાથી મતદાન થઈ ગયુ હોવાની ગેરસમજ ઉભી થઈ હતી. જો કે, ખરાઈ અને તપાસણી કર્યા બાદ ચૂંટણી અધિકારીએ સમગ્ર મામલો થાળે પાડયો હતો અને મતદાનની પ્રક્રિયા આગળ ધપાવી હતી. ધર્મજ બુથ નંબર-૮ હેઠળ આવતા મતદારોએ આજે ભારે ઉત્સાહ અને શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન કર્યું હતું.

લોકસભા ચૂંટણીના પરિણામ પછી ગુજરાતમાં ભાજપની 'કોંગ્રેસ તોડો' ઝૂંબેશ ફરીથી શરૂ થશે

બેન્કોએ ચાર વર્ષમાં તેના ગ્રાહકો પાસેથી ૧૨,૪૦૦ કરોડ રૂપિયાની પેનલ્ટી અને સર્વિસ ચાર્જ વસૂલ કર્યો

કોંગ્રેસ મુક્ત ગુજરાત માટે ભાજપનો માસ્ટરપ્લાન તૈયાર થઈ રહ્યો છે. લોકસભાની ચૂંટણીના પરિણામ પછી કોંગ્રેસના પૂર્વ નેતા અલ્પેશ ઠાકોર સહિત કોંગ્રેસના ૧૦થી વધુ ધારાસભ્યોને ભાજપમાં સમાવવવાની એક યોજના બની રહી છે. ભાજપને જ્યારથી ૯૯ સીટો મળી છે ત્યારથી ચેન પડતું નથી. આ સ્થિતિ દૂર કરવા માટે કોંગ્રેસના ધારાસભ્યોને ભાજપમાં પ્રવેશ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી પછી ભાજપે કોંગ્રેસના જસદણના ધારાસભ્ય કુંવરજી બાવળિયા અને માણાવદરના ધારાસભ્ય જવાહર ચાવડાને રાજીનામું અપાવીને સરકારમાં કેબિનેટનું સ્થાન આપ્યું છે. ભાજપનો દાવો છે કે ગુજરાતમાં વિધાનસભાની પેટા ચૂંટણીમાં પાર્ટીને તમામ ચાર બેઠકો પર જીત મળશે. પાર્ટીના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે ચૂંટણીના પરિણામ પછી કોંગ્રેસ તોડો અભિયાન શરૂ કરવામાં આવશે જેમાં ભાજપમાં આવવા ઈચ્છુક ધારાસભ્યોને રાજીનામાં અપાવીને પાર્ટી પેટા ચૂંટણી જીતાડીને તેની સભ્યસંખ્યા વધારવા માગે છે. કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ કહ્યું હતું કે હવે પછીની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ પાસે ઉમેદવારો નહીં હોય તો પણ ચાલશે, કેમ કે ભાજપના નેતાઓ કોંગ્રેસના સભ્યોને તોડીને તેમની પાર્ટીમાં સામેલ કરી રહ્યાં છે. કોંગ્રેસ મુક્ત ગુજરાત કરવાના અભિયાનમાં કોંગ્રેસના ટોચના મજબૂત નેતાઓને ભાજપ પાર્ટીમાં સામેલ કરી રહી છે. ભાજપની આ પ્રેક્ટિસ બન્ને પાર્ટીઓ માટે જોખમી પુરવાર થઈ રહી છે.

નીમ પછી પ્રદૂષણ નિયંત્રણ-- રાજીવ ગુપ્તાની પહેલ...

ગુજરાતમાં પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગોમાં રાજકીય ડખલગીરી ન હોય તો કેવા કામો થાય છે તે હાલના વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. રાજીવ ગુપ્તાની કામગીરી દર્શાવી આપે છે. વિભાગનો હવાલા ઉપરાંત તેઓ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષ છે. રાજ્ય સરકારે આ બોર્ડમાં પોલિટીકલ નેતાને ચેરમેન બનાવ્યા નથી. જે ઉદ્યોગો સરકારના નીતિ નિયમો અને માપદંડોનું પાલન કરતા નથી તેમને સજા થવી જોઈએ તેવું સરકાર ખુદ માને છે પરંતુ ભલામણોની સામે બોર્ડ લાચાર બની જાય છે. રાજીવ ગુપ્તાએ બદનામ થઈ ચૂકેલા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને સુધારવાનો પ્રયાસ કર્યો છે જે સરાહનિય છે પરંતુ પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગોના સંચાલકો માટે માત્ર દંડ જ નહીં, જેલની સજા કે ઉદ્યોગોને સીલ કરવા સુધીના પગલાં લેવામાં આવે તો બીજા ઉદ્યોગો ગુનો કરતાં ડરે. આશ્ચર્યની સાથે એક બાબત એવી સામે આ છે કે રાજીવ ગુપ્તાએ કસૂરવાર ઉદ્યોગો પાસેથી માત્ર છ મહિનાના સમયમાં ૧૦ કરોડ રૂપિયા સુધીનો દંડ વસૂલ કર્યો છે. જેની સામે ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષમાં માત્ર ૨૧ કરોડ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. રાજીવ ગુપ્તા જ્યારે ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ- જીએનએફસી- માં હતા ત્યારે તેમણે શરૂ કરેલો નીમ પ્રોજેક્ટ દેશભરમાં સફળ થયો છે. લીમડાની લિંબોળીના સાબુ, શેમ્પુ, હેરઓઈલ, ખાતર અને અનેક જાતની વેરાયટી બનાવીને તે પ્રોજેક્ટમાં પર્સનલ ધ્યાન આપ્યું હતું જેના કારણે આદિવાસી પરિવારોની મહિલાઓને સ્વરાજગારીના અવસર પ્રદાન થયા હતા.

બેન્કોની ઉઘાડી લૂંટ છતાં રીઝર્વ બેન્ક મૌન...

ભારતમાં બેન્કોની એનપીએ વધવાનું કારણ ઉદ્યોગોને આપવામાં આવતી મોટી મોટી લોન છે. બેન્કો ઉદ્યોગો સામે તો કંઈ કરી શકતી નથી પરંતુ સામાન્ય વ્યક્તિ તેની હોમલોનનો એક હપ્તો ચૂકી જાય તો બેન્કો નોટીસ આપીને પેનલ્ટી વસૂલ કરે છે. બેન્કોના ક્રેડિટ કાર્ડના નિયમો પણ વિચિત્ર છે. ગ્રાહકો સરેઆમ લૂંટાય છે છતાં કેન્દ્ર સરકાર કે ભારતીય રીઝર્વ બેન્ક તરફથી કોઈ કાર્યવાહી થતી નથી. ભાજપની નેશનલાઈઝ બેન્કો ગ્રાહકોને લૂંટી રહી છે. જાણીને નવાઈ લાગશે કે ૨૦૧૪ થી ૨૦૧૮ સુધીના ચાર વર્ષમાં ૨૧ સાર્વજનિક બેન્કો અને ત્રણ ખાનગી બેન્કોએ દંડ પેટે લોકો પાસેથી ૧૨૩૮૮.૫૬ કરોડ રૂપિયાની રકમ ઝૂંટવી લીધી છે આમ છતાં રીઝર્વ બેન્કે સેવા નિયમો ઉપર કોઈ દિશાનિર્દેશ આપ્યો નથી. રીઝર્વ બેન્કના મુંબઈના વાર્ષિક લોકપાલના પાયલોટ રિપોર્ટમાં ઉલ્લેખ છે કે બેન્કોના ૩૦ ટકા ગ્રાહકો સર્વિસના નામે વસૂલ કરવામાં આવતી રકમથી અજાણ છે. ૨૫ ટકા ગ્રાહકોએ મિનિમમ બેલેન્સ અંગે અસંતોષ વ્યક્ત કર્યો છે. બેન્કો પૂર્વ સૂચના આપ્યા વિના ૧૫ જાતના એવા ટેક્સ વસૂલ કરે છે કે જેની જાણ ગ્રાહકોને રૂપિયા કપાયા પછી થાય છે. બેન્કમાં તમારે મોબાઈલ નંબર બદલવો હોય કે કેવાયસી બદલવા હોય તો પણ તેનો ચાર્જ વસૂલ કરવામાં આવે છે. વિઝા માટે તમારે બેન્કમાં બેલેન્સ સર્ટીફિકેટ લેવું હોય તો પણ તેના ૧૦૦ થી ૩૦૦ રૂપિયાના ચાર્જ બેન્કો વસૂલ કરે છે.

ગુજરાતમાં શરૂ થયેલી બે મોટી ઝૂંબેશ સ્થગિત...

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી તરફથી પ્લાસ્ટીક ફ્રી ગુજરાતની માત્ર જાહેરાત થઈ છે પરંતુ તેનો અમલ થયો નથી. પ્લાસ્ટીક ફ્રી નો અમલ માત્ર મલ્ટીનેશનલ કંપનીઓ અને મેડિકલ સ્ટોરમાં થયો છે, કારણ કે તેઓ કાગળની બેગમાં ખોરાકની વસ્તુઓ અને દવાઓ આપે છે પરંતુ શાકભાજી અને અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓ આજે પણ ઓછું માઈક્રોન ધરાવતી પાતળી પ્લાસ્ટીકની બેગમાં મળે છે. ચિંતાનો વિષય એવો છે કે સચિવાલયની બહાર ફળ અને શાકભાજીનું વિતરણ કરતા બકાલીઓ અત્યંત પાતળી પ્લાસ્ટિકની બેગનો ઉપયોગ કરી રહ્યાં છે તેમ છતાં તેમની સામે કોઈ પગલાં લેવામાં આવતા નથી. પ્લાસ્ટીક ફ્રી અને ટોબેકો ફ્રી સ્ટેટમાં ગુજરાત કરતાં મહારાષ્ટ્ર રાજ્યએ પ્રગતિ કરી છે. ગુજરાતમાં પ્લાસ્ટીક ફ્રી અને ટોબેકો ફ્રી ઝૂંબેશની માત્ર જાહેરાત થઈ છે પરંતુ તેનું પાલન ઓછી જગ્યાએ જોવા મળી રહ્યું છે. રાજ્યના આરોગ્ય વિભાગના કર્મચારીઓ પણ આ દિશામાં કાર્યવાહી કરતા નથી, એવા સંજોગોમાં ભાજપે શરૂ કરેલી બે ઝૂંબેશ નિષ્ફળ નિવડી છે. ગુજરાતમાં મલ્ટી નેશનલ કંપનીઓ જેવી કે મેકડોનાલ્ડ, બર્ગર કિંગ અને સબ-વે જેવી ખાણી-પીણીના સ્ટોરમાં પેકિંગ મટીરિયલ તરીકે કાગળનો ઉપયોગ થાય છે પરંતુ આપણી દેશી કંપનીઓએ હજી પણ પ્લાસ્ટીકની કોથળીઓનું ચલણ ચાલુ રાખ્યું છે.

સોલારમાં ગુજરાતનું સ્થાન પાછળ જઇ રહ્યું છે...

ગુજરાતને સોલાર પાવરનું હબ બનાવવાના રાજ્ય સરકારે વાયદા કર્યા હતા પરંતુ સોલાર પાવર પેદા કરવામાં ગુજરાત પાછળ ધકેલાઈ ગયું છે. ભારતમાં હાઈએસ્ટ ઈન્સ્ટોલ સોલાર પાવર જનરેશન કેપેસિટીના ૨૦૧૮ના સર્વેમાં ગુજરાતનો ક્રમ છઠ્ઠો આવ્યો છે. ભારતના સોલાર સ્ટેટમાં કર્ણાટકા પ્રથમ નંબરે છે. આ રાજ્યમાં ૫૩૨૮ મેગાવોટની વીજળી મળે છે. દેશમાં આ રાજ્યનો સોલાર સેક્ટરમાં હિસ્સો ૧૯.૫૮ ટકા છે. બીજાક્રમે તેલંગાણા આવે છે જ્યાં ૩૫૦૧ મેગાવોટની વીજળી પેદા થાય છે. આ રાજ્યનો હિસ્સો ૨૨ ટકા છે. ગુજરાતના પાડોશી રાજ્ય રાજસ્થાનમાં ૩૦૮૧ મેગાવોટની સોલાર વીજળી પેદા થાય છે જેનો દેશમાં કુલ હિસ્સો ૧૪.૧૧ ટકા છે. ચોથાક્રમે ૨૮૨૯ મેગાવોટ સાથે આંધ્રપ્રદેશ અને પાંચમાક્રમે ૨૦૫૫ મેગાવોટ સાથે તામિલનાડુ આવે છે. સોલાર પાવરમાં ગુજરાત દેશમાં છઠ્ઠાક્રમે આવી ગયું છે. ગુજરાતમાં ૧૬૦૭ મેગાવોટ સોલાર વીજળી પેદા થાય છે. ભારતમાં તેનો હિસ્સો માત્ર ૫.૧૨ ટકા છે. આ ક્રમ પછી મધ્યપ્રદેશ ૧૫૨૬ મેગાવોટ સાથે સાતમાક્રમે અને ૧૩૧૧ મેગાવોટ સાથે મહારાષ્ટ્ર આઠમાક્રમે છે જ્યારે ઉત્તરપ્રદેશમાં ૮૭૫ મેગાવોટ અને પંજાબમાં ૮૪૫ મેગાવોટ સોલાર વીજળી પેદા થાય છે.

ગુજરાતમાં "પ્લાસ્ટીક ફ્રી" અને "ટોબેકો ફ્રી" સ્ટેટના સરકારે કરેલા વાયદા ખુદ ગાંધીનગર તોડી રહ્યું છે

ગુજરાત સોલાર પાવર જનરેશનમાં દેશભરમાં પછાત રહ્યું છે, પરંતુ વિન્ડ પાવર જનરેશનમાં બીજા ક્રમે

વિન્ડ પાવર કેપેસિટીમાં ગુજરાત બીજાક્રમે છે...

સોલાર પાવર કરતાં ગુજરાતમાં વિન્ડ પાવર કેપેસિટીમાં વધારો થયો છે. ભારતમાં ૨૦૦૫માં માત્ર ૬૨૭૦ મેગાવોટ વિન્ડ પાવરનું ઉત્પાદન થતું હતું પરંતુ ૨૦૧૮માં વિન્ડ પાવરની કેપેસિટી ૩૬૬૨૫ મેગાવોટની થઈ છે. માર્ચ ૨૦૧૮ના એક રિપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે તામિલનાડુ ૮૬૩૧ મેગાવોટની કેપેસિટી સાથે દેશમાં પ્રથમ ક્રમે છે. બીજાક્રમે ૬૦૪૪ મેગાવોટ સાથે ગુજરાત આવે છે. ગુજરાતના પાડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં વિન્ડ પાવર કેપેસિટી ૪૭૮૯ મેગાવોટ જોવા મળી છે જ્યારે કર્ણાટકામાં ૪૫૮૪ મેગાવોટ, રાજસ્થાનમાં ૪૩૦૦ મેગાવોટ, આંધ્રપ્રદેશમાં ૪૦૦૭ મેગાવોટ અને મધ્યપ્રદેશમાં ૨૫૨૦ મેગાવોટની વિન્ડ પાવર કેપેસિટી જોવા મળી છે. ભારતમાં સૌથી વધુ વિન્ડ પાવર મેળવતી કંપની મુપ્પાંદલ વિન્ડ ફાર્મ છે જે તામિલનાડુ સ્થિત છે. આ કંપની ૧૫૦૦ મેગાવોટ પાવર જનરેટ કરે છે. અન્ય રાજ્યો પૈકી તેલંગાણામાં ૧૨૮ મેગાવોટ અને કેરાલામાં ૫૩ મેગાવોટ વિન્ડ પાવર જનરેશનની કેપેસિટી છે. ગુજરાતમાં ૧૬૪૦ કિલોમીટરનો દરિયાકિનારો વિન્ડ પાવર માટે ઉત્તમ માનવામાં આવે છે.